# શહેરનું નાટક એનએસડીના ફેસ્ટિવલ માટે પસંદ...

*આશિષ વશી* ● અમદાવાદ, ૯ નવેમ્બર. દેશની નામાંકિત નાટ્યશાળા એનએસડીનાં ભારત રંગ મહોત્સવમાં અમદાવાદનું નાટક 'ડુંગરો ડોલ્યો' પસંદ થયું છે. આપણા શહેર માટે આ આનંદની વાત છે. મહિલાઓને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલું આ અર્થપૂર્ણ નાટક હવે દેશનાં ખૂણે ખૂણેથી આવેલા બીજા નાટકોની સાથે ભજવાશે. મહિલાઓનાં હકોની વાત કરતા આ નાટકમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ કેન્દ્રસ્થાને છે. નાટક શહેરનાં અમદાવાદ થિયેટર ગ્રૂપ અને જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશને તૈયાર કર્યુ હતું. આ નાટકનું દિગ્દર્શન રાજુ બારોટે સંભાળ્યું હતું જ્યારે તેનું લેખન મેહુલ મકવાણાએ કર્યું છે. જ્યાકે નાટકમાં કર્ણપ્રિય સંગીત નિસર્ગ ત્રિવેદીએ આપ્યું છે. ફુલ લેન્ગ્થ એવા આ નાટકમાં ગુજરાતની મહિલાઓનાં પ્રશ્નોને કચ્છની પૃષ્ઠભૂમિમાં સમાવવામાં આવ્યા છે. આમ છતાંય આ નાટક માત્ર પ્રચારિયું ના બની રહેતા એક સંવેદના ઊભી કરવામાં પણ સફળ થાય છે.

નાટકનાં લેખક મેહુલ કહે છે કે, આ નાટક બહુધા વાત સ્ત્રીઓનાં હકોની




નાટકનું એક દૃશ્ય

કરે છે પરંતુ છતાં તેનું મુખ્ય પાંત્ર પુરુષ છે. આ રીતે અમે અમારી વાત પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં સફળ થયા છે. નાટકમાં એક સ્ત્રી ડુંગરા પરથી આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરે છે અને એક દાદા તેને બચાવે છે. હવે પેલી સ્ત્રીની વેદનાઓનાં અને નરેશન પેલા દાદાને તેમનાં પુરુષપ્રધાન સ્વભાવ અને સમાજની અસંવેદનાઓ તરફ જોવા મજબૂર કરે છે. સરસ રીતે ગૂંથાયેલી આ વાત પ્રેક્ષકો સુધી પહોંચવામાં સફળ થાય છે.

નાટકનું દિગ્દર્શન એવી રીતે થયું છે કે જેથી નાટક બોલકું નથી બનતું અને પ્રેક્ષકો પર ધારી અસર પહોંચાડવામાં સફળ થાય છે. લાઈટિંગ અને સંગીતનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવ્યો છે. જ્યારે કલાકારોએ અભિનયમાં ધાર્યા સફળ રહ્યાં હતા. આ નાટકનાં કુલ દસ શો અત્યાર સુધી ગુજરાતનાં વિવિધ ભાગોમાં ભજવાઈ ચૂક્યા છે. જેમાંથી આઠ જેટલા શો તો સામખિયાળીમાં કર્યા.

નાટક વિશે વધુ વાત કરતા દિગ્દર્શક રાજુ બારોટ કહે છે કે, આખાય નાટકની પ્રક્રિયા મારા માટે ખૂબ જ રસપ્રદ રહી. સામાન્ય રીતે સ્ત્રીઓના હક્કો પ્રત્યે તેમને સભાન કરવાની ઘણી વાતો તેમજ પ્રયત્નો થયા પરંતુ આ નાટકમાં અમે આ પ્રશ્નોમાં પુરુષો શું કરી શકે તેની વાત કરી. આમ નવી રીતે થયેલી આ વાત ઘણી સફળ પુરવાર થઈ. નાટકનું મુખ્ય પાત્ર એક દાદા છે જે ખૂબ જ રૂઢિચુસ્ત અને પુરુષપ્રધાન સમાજમાં માનવાવાળા છે. નાટકનાં અંતે આ દાદા નવા વિચારોને અપનાવે છે અને એક નવી